## સૌરાષ્ટ્ર આસપાસ

# સુદાનના લાખો લોકો ગંભીર રીતે અસરગ્રસ્ત

આફ્રિકાના ઉત્તર-પૂર્વ ભાગમાં આવેલું સુદાન ઇતિહાસ, ધર્મ અને ભૌગોલિક મહત્વના સંગમ સ્થળ તરીકે ઓળખાય છે. પ્રાચીન સમયથી નાઇલ નદીની ખીણમાં વસેલો આ પ્રદેશ આફ્રિકા અને અરબ દુનિયાને જોડતો સેતુ રહ્યો છે. ઇસ્લામના પ્રસારના સમયમાં સુદાન લાલ સાગર, નાઇલ નદી અને સાહારા રણની વચ્ચે વ્યૂહાત્મક સ્થાને હતું, જેના કારણે અહીં સંસ્કૃતિ, વેપાર અને ધર્મનો ઘનિષ્ઠ સંપર્ક વિકસ્યો.આજનું સુદાન ઇતિહાસના ગૌરવથી નહીં, પરંતુ દુ:ખ, વિનાશ અને માનવતાવાદી સંકટથી વિશ્વના નકશા પર છવાયેલું છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘે સુદાનને દુનિયાનું સૌથી ભયંકર માનવતાવાદી સંકટ ગણાવ્યું છે, અને આ કોઈ આંકડાકીય ઘોષણા નથી, પરંતુ કરોડો જીવંત માનવોના દુ:ખની ચીસ છે. છેલ્લા બે વર્ષથી ચાલી રહેલા ગૃહયુદ્ધે દેશની સામાજિક, આર્થિક અને માનવિય રચનાને સંપૂર્ણ રીતે તોડી નાંખી છે.૧૫ એપ્રિલ ૨૦૨૩થી શરૂ થયેલા આંતરવિગ્રહે સદાનને નરસંહાર અને અમાનુષી અત્યાચારના કાળા અધ્યાયમાં ધકેલી દીધું છે. સુદાનિઝ આર્મ્ડ ફોર્સ અને રેપિડ સપોર્ટ ફોર્સ વચ્ચેના સંઘર્ષે રાજધાની ખારટૂમ, દારફોર, કોર્ડોફાન અને અલ્ફાશીર જેવા વિસ્તારોને યુદ્ધક્ષેત્રમાં ફેરવી દીધા છે. બોમ્બમારી, ગોળીબાર અને લૂંટફાટ વચ્ચે સામાન્ય નાગરિકો સૌથી વધુ પીસાઈ રહ્યા છે.યુદ્ધનું સૌથી ભયાનક રૂપ એ છે કે તેમાં બાળકો, મહિલાઓ અને વૃદ્ધો કોઈપણ સુરક્ષા વગર ફસાઈ ગયા છે. અહેવાલો અનુસાર ત્રણ કરોડથી વધુ લોકોને તાત્કાલિક માનવિય સહાયની જરૂર છે. દોઢ કરોડથી વધુ બાળકો ખોરાક અને દવા વગર જીવના જોખમે છે. હોસ્પિટલો ખંડેર બની ગઈ છે, દવાઓની સપ્લાઈ તૂટી ગઈ છે અને ડોક્ટરો અન્યના જીવ બચાવવા કરતા પોતાના જીવ બચાવવા મજબૂર બન્યા છે.ભૂખમરો સુદાનની સૌથી મોટી શાપરૂપ સમસ્યા બની ગઈ છે. અનાજની અછત, ખેતીનો નાશ અને સપ્લાઈ ચેઇનના ભંગાણે કરોડો લોકોને ભૂખમરાના કાંઠે લાવી દીધા છે. નિરાશ્રિત કેમ્પોમાં લાખો લોકો દિવસો સુધી એક વેળાનું ભોજન મેળવવા માટે સંઘર્ષ કરે છે. દુકાળની પરિસ્થિતિએ પાણીની ભયંકર કટોકટી સર્જી છે, અને પ્રદૂષિત પાણીના ઉપયોગથી કોલેરા અને અન્ય જીવલેણ રોગો ફેલાઈ રહ્યા છે.વિસ્થાપન આ સંકટનો બીજો ભયાનક ચહેરો છે. લાખો સુદાનીઓ પોતાનાં જ દેશમાં ઘરવિહોણા બની ગયા છે. શહેરો છોડીને લોકો ખુલ્લા મેદાનો, શાળાઓના ખંડેરો અને તાત્કાલિક કેમ્પોમાં આશરો લઈ રહ્યા છે. ચાર લાખથી વધુ લોકો જીવ બચાવવા માટે પડોશી દેશો ચાડ અને ઇજિપ્તમાં સ્થળાંતર કરી ગયા છે, જ્યાં પણ સંસાધનો મર્યાદિત હોવાથી તેમનું ભવિષ્ય અનિશ્ચિત છે.સુદાનનું આ દુ:ખ અચાનક નથી આવ્યું. બ્રિટિશ અને ઇજિપ્તના ઉપનિવેશક શાસનથી લઈને સ્વતંત્રતા બાદના રાજકીય હસ્તક્ષેપોએ દેશને સતત અસ્થિર રાખ્યો. ૧૯૫૬માં સ્વતંત્રતા મળ્યા પછી પણ સત્તા માટેના સંઘર્ષો બંધ થયા નહીં. જાફર નિમારીથી લઈને ઉમર અલ બશીર સુધીના લાંબા સૈનિક શાસને લોકશાહી સંસ્થાઓને નબળી બનાવી દીધી. શક્તિશાળી સુરક્ષા એજન્સીઓ અને વફાદાર સશસ્ત્ર દળોએ સત્તાને મજબૂત રાખી, પરંતુ સમાજને અંદરથી ખોખલો બનાવી દીધો.

૨૦૧૧માં દક્ષિણ સુદાનના અલગાવ પછી પણ સુદાનને શાંતિ મળી નહીં. તેલ અને કુદરતી સંસાધનો પરના વિવાદો, ધાર્મિક અને જાતીય ભેદભાવ અને સત્તાની લાલચે સંઘર્ષને વધુ ઘેરો કર્યો. આજે SAF અને RSF વચ્ચેની લડાઈ એ આ લાંબા ઇતિહાસનું જ ભયાનક પરિણામ છે.

# બાપા એટલે બાપા...!

**દીકરાને છોડીને મા અવસાન પામી ને બાપે તેને ભણાવી ગણાવી, સારી નોકરી સુધી મહાનગરમાં પહોંચાડીને પરણાવ્યો, પછી એકલપંડે વતનમાં રહી બાપે જિંદગી પૂરી કરી ત્યારે બચાવેલી કમાણી જૂના ઘરમાં દીકરા માટે સાચવી રાખેલી તે દીકરાને હાથ લાગી.**





અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

અશ્વિનભાઈએ ઉપરના ઓરડે જઈને બારી અને બારણું ખોલ્યાં. આખીય મહેતા શેરી નાકા સુધી ઊભી દેખાઈ. તેમને યાદ આવ્યું, અહીં જ બાપા આરામ બુરશટ્ટી નાખીને આખો દિવસ બેસી રહેતા...! વતનના આ ગામમાં મહેતા શેરીમાં પ્રતાપરાય વનમાળીદાસ મહેતાનું આ જૂનવાણી મકાન, બાપા સ્વર્ગે ગયા પછી તો સાવ બંધ હતું. અહીં સામે જૂની પુરાણી આરામ ખુરશી પડી હતી. દીપિકાએ કદાચ કપડું મારીને સાફ કરી હશે. એટલે ચોખ્ખી દેખાતી હતી નહીંતર તો ધૂળ ધૂળ ભરી હોત.

અશ્વિનભાઈએ ખુરશી ખોલી. ખુરશીમાં બેઠા. હવે તો પોતેય બાપાની જેમ અહીં આ બારી સામે બેસીને આખીય શેરીને વર્ષો પછી તાકી તાકીને જોઈ રહ્યા છે.

મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગના ચીફ ઑફિસર તરીકે પોતે વય મર્યાદાથી રિટાયર થઈ ગયા. સાંઈઠ વરસની ઉંમર અને આડત્રીસ વરસની નોકરી પૂરી કરી નિવૃત્ત થયા એટલે જન્મભૂમિમાં બાપદાદાના આ સરસ મેડીબંધ મકાને આવીને પત્ની સાથે વસ્યાં. બાપા ગયા પછી નવેસરથી રિપેર કરાવી આ જૂનવાણી મકાનનું રંગરોગાન પણ કરાવ્યું હતું. તાલુકા કક્ષાના આ નગરમાં તેનું આ વડિલોપાર્જિત મકાન હતું. હવે તો એ મકાન સરસ બની ગયું હતું. બાપાને મહાનગરમાં રહેવું જરાય ફાવતું નહીં તે આ ઘરે એકલપંડે રહીને આયખું ખંખેરી નાખેલું.

છેલ્લા દિવસોમાં પથારીમાં પડ્યા પડ્યા અનેક વાર તેમણે પુત્રવધૂ દીપિકાને હાથ જોડીને કહ્યું હતુંઃ ' કહું છું તમે અશ્વિનને સાચવજો... મારો હેવાયો છે, મારા વિના ઈને સોરવશે નહીં... પણ તમે એને બહુ જ પ્રેમથી સાચવીને નોકરી પૂરી કરવા દેજો... નહિતર મારો જીવ અવગતે જશે...!' અશ્વિનભાઈ એ વખતે સુડતાલીશ વરસના હતા.

બાપા તો રસોઈકળા અને જમવાના પહેલેથી જબરા શોખીન તે અશ્વિનની બાના અવસાન પછી ભાતભાતની વાનગીઓ બનાવીને બાપ દીકરો રીતસર ભોજનની મિજબાની જ કરતાં. અશ્વિનના લગ્ન પછી ઘરમાં પુત્રવધૂ દીપિકા આવી પણ તે તો અહીં ત્રણ જણાં પૂરતું જાતે કાચું-પાકું રાંધતી ને સૌ જમી લેતાં.

અશ્વિનભાઈને મહાનગરપાલિકામાં સારી પોસ્ટ પર નોકરી મળી ને ત્યાં સારું ક્વાર્ટર મળ્યું છતાં બાપા તો મહેતા શેરીનું આ ઘર છોડવા તૈયાર ન થયાં ને જીવન ગુજારો અહીં જ પૂરો કરી નાખેલો. અહીં રહીને કોઈ કોઈ વાર ગોરપદ્દુંય કરે. કથા કીર્તનમાં યજમાનના ઘેરથી દક્ષિણા સાથે પ્રસાદીમાં કાજુ, બદામ, ટોપરું અને ખારેક આવે તો એ અશ્વિન માટે રાખી મૂકે.

રવિવારની રજામાં અશ્વિન બાપાને મળવા અહીં આવે ત્યારે દાંત વિનાના મોઢામાં મમરા મમળાવતા બાપા કહેતા, 'એ અશુ, બેટા ! તારે માટે પ્રસાદી રાખી છે... લે આ બદામ ખા એનાથી આપણામાં બુદ્ધિ આવે છે !'

' હા, બાપા. પણ તમે અહીં એકલપંડે રાંધીને શું ખાતા હશો ? '

'કેમ મને રાંધતા નથી આવડતું? ' પછી બાપા ભ્રોં સરસુ જોઈને બોલ્યા : ' તારી બાની વિદાય પછી તને દસ વરસ તો મેં જ રાંધી રાંધીને ખવડાવ્યું હતું ને...? હું મારા પુરતું કરી લઈશ... તમ તમારે સુખેથી મન હળવું રાખીને મોટા શહેરોમાં રહો..!'

પચ્ચીસ વરસ એકલા રહીને બાપા સ્વર્ગે સીધાવ્યા પછીય દીપિકા સરકારી ક્વાર્ટર છોડીને આ જૂનવાણી વડિલોપાર્જિત ઘરમાં રહેવા આવવા રાજી ન હતી. પણ હવે તો આવવું પડયું ને ? અશ્વિનભાઈ રિટાયર થઈ ગયા પછી ક્યાં જાય ? સરકારી ક્વાર્ટર ખાલી કરવાનું થયું અને દીકરો તથા દીકરી તો વીસેક વર્ષથી વિદેશમાં સ્થાયી થઈ ગયેલાં છે, ત્યાં જઈને તેમની સાથે રહેવું દીપિકાને ફાવતું નહોતું. બારીની સામે ગોઠવેલી ખુરશીમાં બેસીને અશ્વિનભાઈએ ડાબી તરફના ખુલ્લા ભીંતકબાટમાં કપડે બાંધેલાં કેટલાંક પોટકાં જોયાં. ખુરશી પરથી ઊઠીને પોટલાં પરની ધૂળ ખંખેરી. એક પછી એક પોટલું ખોલ્યું. બા અને બાપાનાં જૂનાં કપડાં, સગા- સંબંધીઓની ટપાલો, સત્યનારાયણની કથાની ચોપડી, ભાગવત, રામાયણ , શ્રીમદ્ ભગવદ્ ગીતા, ચંડીપાઠ, વગેરે તથા ગોરપદુ - કર્મકાંડ માટેનું સાહિત્ય વગેરેની વચ્ચેથી બાપાએ ભેળી કરેલી મરણમૂડીનું નાણું એક થેલીમાં રાખેલું મળી આવ્યું. તેમાં ચલણી સિક્કા અને છાપેલા રૂપિયા પાંચ, દસ, વીસ, પચાસ, સો, પાંચસોની નોટોની કેટલીક વાળેલી થપ્પીઓ નીકળી.

મેડીએથી છજાવાળું બારણું અને બારી બંધ કરીને અશ્વિનભાઈ નીચે ઊતર્યા. તેણે નીચે આવીને દીપિકાને કહ્યું : ' બાપા એટલે બાપા.., હો !

કેમ વળી, શું થયું તે બાપા યાદ આવી ગયા ? '

' જે કોઈ ન કરે એવું બાપાએ કર્યું. આખી જિંદગી કરકસરથી જીવીને વિદાય લીધી પણ પોતાની બધી કમાણી આપણાં માટે સાચવીને અકબંધ મૂકી રાખી. '

# જો હરિકથામાં ચિત્ત પરોવાઈ જાય તો દુનિયાના સંતાપો આપણને નહીં નડે

કરંટ ટોપિક

હું તો પુરા વિશ્વાસથી બોલી રહ્યો છું. હરેક કથામાં અનુભવ સાથે બોલી રહ્યો છું. પરમાત્મામાં ચિત્ત લગાડવાનું સરળ, સુગમ, અનુગ્રહ અને સર્વપ્રાપ્ય કોઈ સાધન હોય તો ભગવત કથા છે. હા, જરૂર, પતંજલિ ભગવાનના માર્ગ દ્વારા ગણ્યા ગાંઠિયા સાધકો ચિત્તવૃત્તિ નિરોધ કરી અને યાત્રા કરી શકે. બાકી ઈશ્વરમાં ચિત્ત જોડવા માટે ભગવત કથા શ્રેષ્ઠ ઉપાય છે.

એક વખતનું ભોજન આપણા માટે ૨૪ કલાકનો આરામ છે. એક વખતનું ભોજન માણસને ૨૪ કલાકની પુષ્ટિ આપે તેમ કથા દરમિયાન પણ ચિત્તનો નિરોધ, ચિત્તની પરમાત્મામાં સમર્પિત થવાની વૃત્તિ એ સરળતાથી કથા દ્વારા થોડો સમય પણ સમય જાય તો ઈશ્વરમાં ગયેલા ચિત્તથી અને પછી જે ચેતના પ્રગટ થાય એનાથી વ્યક્તિગત જીવન અને વૈશ્વિક જીવનની કેટલીય સમસ્યાઓનો ઉકેલ આવે.

ભગવાન કપિલ કહે છે દેવહુતિને-સાધુઓના લક્ષણોનું એક લિસ્ટ આપતી વખતે કહે છે. ઉપરના શ્લોકમાં લખેલા લક્ષણો કહે છે. ભગવાન કપિલ કહે છે કે 'મા, સાધુઓનું બળ કયું? સાધુ કેવો હોય?' મદાશ્રયા મારા સંબંધી જ ચર્ચા કરતો હોય, જેને મારો આશ્રય હોય, કૃષ્ણાશ્રય હોય. જેનામાં શરણાગતિ હોય, દ્રઢ ભરોસો હોય.

વૈષ્ણવ સંપ્રદાયના શબ્દોમાં કહું તો આશરો એકનો, એક ધણીનો હોય. એના સિવાય બીજી કોઈ ચર્ચા નહી. તો, જે શ્રવણ કરે, કથન કરે એને સંસારના કોઈ વિવિધ તાપ, કોઈ સમસ્યાઓ પરેશાન નથી કરી શકતી. કોને? જેનું ચિત્ત મારામાં પરોવાયેલું છે !એનામાં પરોવાઈ જાય, ફરી કથામાં પરોવાઈ જાય તો દુનિયાના કોઈ સંતાપો મને અને તમને કંઈ ન કરી શકે! પણ આપણુ ચિત એમાં રહે.

વેદાંતમાં એક કથા છે. એક સિંહણ ગર્ભવતી હતી. ખોરાકની શોધમાં જંગલમાં ફરતી રહેતી હતી. એક વખત શિકારની શોધમાં ક્યાંક જતી હતી ને રસ્તામાં નદી આવી. એણે તો નદીમાં છલાંગ લગાવી. આવી રીતે નદી પાર કરવાની તેને આદત હતી.

છલાંગ લગાવીને જ્યાં નદીમાં અડધે પહોંચી ત્યાં એને પ્રસવ થયો. બચ્ચું પાણીમાં પડી ગયું. મા તો સામે પાર જતી રહી. પશુના બચ્ચામાં કુદરતી રીતે પાણીમાં તરવાની શક્તિ હોય છે એટલે એ બચ્ચું તરવા લાગ્યું. પ્રવાહમાં તરતું તરતું દૂર નીકળી ગયું. એક કિનારા પર હરણોનું ઝૂંડ પાણી પીતું હતું. નાદાન સિંહનું બચ્ચું એ ઝૂંડમાં ભળી ગયું અને હરણોની સાથે રહેવા લાગ્યું. પોતે એ ભૂલી ગયુ કે હું સિંહ છું, એ તો પોતાને પણ હરણ માનવા લાગ્યું. સંગદોષ થઈ ગયો.

આ વાતને ઘણો સમય વિત્યો હશે કે એક સિંહ શિકારની શોધમાં નીકળ્યો, જે આ હરણોનાં ઝૂંડને જોવે છે. હરણો તો સિંહને જોઈને ભાગે છે. એમાં પેલું બચ્ચું કે જે હવે તો મોટું થઈ ગયું હતું, તે પણ ભાગે છે. સિંહ જોઈ રહ્યો છે આ ઘટના! તેને થયું કે આ તો મારી જાતિનો છે અને હરણોનાં ઝૂંડમાં ભાગ્યો? કમાલ છે.

હરણો ભાગી ગયા પણ સિંહે પેલા બચ્ચાંને પૂછ્યું કે તું તો મારી જાતિનો છે, આમાં કેમ? આપણી જાતિ એક છે. બચ્ચું માને નહિ જ ને. સિંહ તેને નદીના પાણીમાં લઈ ગયો અને પાણીમાં પ્રતિબિંબમાં બતાવ્યું કે જો, આપણે બંને એક જેવા જ છીએ. તું મારી જ જાતિનો છો. પછી સિંહે ગર્જના કરી અને બચ્ચાંને કહ્યું કે તું પણ દહાડ. એ બચ્ચાંએ જ્યારે ગર્જના કરી ત્યારે તેને પોતાની જાતનું ભાન થયું.

માણસ પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે પ્યારે! કોઈ ઘેટાંનાં ટોળામાં ભળી ગયું છે તો કોઈ બકરીનાં ટોળામાં. હરિનામ, હરિકથા વ્યક્તિને આત્મભાન કરાવે છે અને કલિ કલ્મષથી મુક્ત કરે છે. કથાથી કલિના પાપ મટી જાય છે. માણસને પોતાના મૂળ સ્વરૂપનું ભાન કરાવે, સુશોભિત કરે,આભૂષિત કરે અને વિભૂષિત કરે એનું નામ કથા. સૂનો રામકથા, ગાઓ રામકથા, સ્મરો રામકથા તમારાં કલિકલ્મષનો નાશ થઈ જશે. હરિની સ્મૃતિ સૌથી મોટું સુકૃત છે.

રામકથા એક વૈશ્વિક બુલાવા છે. આપણે પાંચ લોકોનું મનોરંજન નથી કરી શકતાં. મેરે ભાઈ-બહેન, આખો સંસાર રામકથામાં ઝૂમે છે, કેમ? કારણ કે ભગવાનની કથા કલિયુગના કલિ કલ્મષને હરે છે. તો આનાથી વધુ સરળ ઉપાય બીજો કયો હોઈ શકે? આપણામાં જે કલિયુગના મેલ હશે તેને છોડાવી દેશે રામકથા. ધીરે ધીરે છૂટશે. જૂઠું બોલવા જશો ને 'માનસ'ની ચોપાઈ યાદ આવશે તો જૂઠું બોલતાં બાધ્ય કરશે.

અસત્યમાં જીવવું, અપવિત્રતામાં જીવવું, હિંસક અને ક્રૂર બનીને જીવવું, નિર્દયી અને કઠોર બનીને જીવવું, નિરંતર ભયભીત રહેવું, આયુષ્ય ઓછું છે છતાં મારે આટલું કરી લેવું છે એવી સમજનો અભાવ અને ભગવદ્ સુમિરનનો વેગ ઘટી જવો, એ બધા કલિકલ્મષ છે.

તુલસી કહે છે દંભ, પાખંડ, દ્વેષ, કપટ, મદ, માર એ બધાં આખા બ્રહ્માંડમાં વ્યાપી રહ્યા છે. લોકો કરશે તો પણ તામસ તપ, જપ કરશે. એકબાજુ આટલી ભીષણતા છે પાપોની અને બીજી તરફ કેટલું સરળ સાધન, ઉપાય છે કે સૂનો રામકથા, ગાઓ રામકથા અને સ્મરો રામકથા, તમારાં કલિકલ્મષનો નાશ થઈ જશે !

મેં કેટલીયે વાર કહ્યું છે કથામાં આનંદ આવે છે, કારણ કે કથા પાપોનો નાશ કરે છે. પાપ હી આનંદ નથી લેવા દેતાં. આનંદ તો આપણો સ્વધર્મ છે. આનંદ કંઈ ખરીદ કરવા નથી જવું પડતું, પણ પાપ છાયેલાં છે અને કથામાં આનંદ આવે છે, કારણ પાપ મિટે છે. મન રંજન થાય છે, કથામાં એ કામ કરી દીધું, આપણાં કલ્મષ મિટાવી દીધાં, આપણા સ્વરૂપનું આપણને ભાન કરાવી દીધું.

તમે થોડો સમય કથા શ્રવણ કરો છો તે વખતે સંસારને ભૂલો છો, સંસારની આધિ, વ્યાધિ, ઉપાધિઓ, કેટલી સમસ્યાઓ ચુકાઈ જાય છે! કારણ કથા દરમિયાન ચિત્ત હરિમાં જોડાય છે. આ કળિયુગમાં જ્યારે મન અને સમય બંને મલિન છે, કાળ મલિન છે એવા સમયે ચિત્તને ભગવતસ્મરણમાં લગાવવા માટે કથા એક સફળ પ્રયોગ છે.

# સિલિયા ફ્લોરેસ : વેનેઝુએલાની "લોખંડી મહિલા"

વેનેઝુએલાની રાજકીય ભૂમિકા પર સિલિયા ફ્લોરેસની છાપ એક પરંપરાગત 'ફર્સ્ટ લેડી'ની છાપથી કહીં વિશિષ્ટ અને શક્તિશાળી છે. તેમના સમર્થકો તેમને 'પ્રથમ યોદ્ધા' તરીકે ઓળખે છે,

## સિલિયા ફ્લોરેસની ભૂમિકા

**રાષ્ટ્રપતિ માદુરોની પત્ની અને 'પ્રથમ યોદ્ધા' તરીકે, સિલિયા ફ્લોરેસ વેનેઝુએલાની વર્તમાન કટોકટીમાં એક મહત્વપૂર્ણ, વિવાદાસ્પદ પાત્ર છે. તેઓ સરકારની નીતિઓ અને ચાવિસ્મો વિચારધારાની મુખ્ય હિમાયતી અને પ્રચારક છે.વેનેઝુએલા ગંભીર આર્થિક પતન, ભીષણ માનવાધિકાર ઉલ્લંઘન અને ગહન રાજકીય અસ્થિરતાનો સામનો કરી રહ્યું છે. અતિશય મહિંગાઈ, બજારમાં અછત અને જબરદસ્ત ગરીબી વ્યાપક છે. આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોએ સંકટને વધુ વધાર્યું છે, જ્યારે લોકશાહી પુનઃસ્થાપનાના પ્રયાસો અવરોધો અનુભવી રહ્યા છે. ફ્લોરેસ પર અમેરિકામાં ડ્રગ હેરફેરના આરોપો હેઠળ મુકદમો ચાલવાનો છે.**

એવું વિશેષણ જે ફક્ત સંબોધન જ નથી, પણ તેમની સક્રિય, આક્રમક અને નિર્ણાયક રાજનૈતિક યાત્રાનું પ્રતીક છે. રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની પત્ની તરીકે, ફ્લોરેસ સત્તાના શિખર પરની એક મહિલા છે, પણ તેમની વાર્તા એ સત્તાના ગલીચામાંથી ઉગીને, પોતાના હક્કે ઊંચા હોદ્દાઓ સંભાળનાર એક સ્વતંત્ર રાજકીય વ્યક્તિત્વ બનવાની છે.

એક સામાન્ય શરૂઆતથી એક અસામાન્ય યાત્રા સુધીનો પ્રવાસ ફ્લોરેસનો જન્મ ૧૯૫૬માં એક સામાન્ય પરિવારમાં ટીનાક્વિલો શહેરમાં થયો હતો, જેને માદુરો 'માટીના ફ્લોરવાળા ખેતર' તરીકે ઓળખાવે છે. બાળપણ કારાકાસના ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં વિતાવ્યા પછી, તેમણે પોતાના પગ પર ઊભા રહેવાનો માર્ગ પસંદ કર્યો. ૩૨ વર્ષની ઉંમરે કાયદાની ડિગ્રી હાંસલ કરી, ફોજદારી અને મજૂર કાયદા ક્ષેત્રે નિપુણતા મેળવી. ૧૯૯૨નો બળવો, જ્યારે હ્યુગો ચાવેઝનો સત્તા પલટાનો પ્રયાસ નિષ્ફળ ગયો, ત્યારે તેમના જીવનનો નિર્ણાયક મોડ આવ્યો. તે બળવાખોર લશ્કરી અધિકારીઓ, અને સ્વયં કમાન્ડર ચાવેઝના બચાવ માટેની વકીલોની ટીમમાં જોડાયા. આ જ સમયગાળામાં તેમની મુલાકાત એક યુવા ચાવિસ્મો સમર્થક અને ચાવેઝના સુરક્ષા ગાર્ડ, નિકોલસ માદુરો સાથે થઈ, જેમણે પાછળથી યાદ કર્યું કે સંઘર્ષના તે વર્ષોમાં એકબીજા તરફ આકર્ષણ જન્મ્યું અને તેમનું ભાગ્ય ચાવેઝની ચળવળ સાથે જોડાઈ ગયું.

ચાવિસ્મોમાં એક સ્વતંત્ર રાજકીય ઓળખનું નિર્માણ ચાવેઝના સત્તા પર આવ્યા પછી, ફ્લોરેસે પોતાની રાજકીય ઓળખ માદુરોથી સ્વતંત્ર રીતે બનાવવાનું શરૂ કર્યું. ૨૦૦૦માં તેઓ રાષ્ટ્રીય સભા (સંસદ) માટે ચૂંટાયા અને ૨૦૦૬થી ૨૦૧૧ સુધી સંસદના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યો, આ હોદ્દો સંભાળનાર તેઓ પ્રથમ મહિલા બન્યા. આ પદ પર તેમણે સત્તાની કેન્દ્રમાં કામ કર્યું, જ્યારે વિરોધ પક્ષ ચૂંટણી બહિષ્કાર કરી રહ્યો હતો. તેમના કાર્યકાળ દરમિયાન સગાવાદના આરોપો પણ સામે આવ્યા, જેમાં પરિવારના સભ્યોને નોકરીઓ આપવાના આરોપોનો સામનો કરવો પડ્યો, પરંતુ ફ્લોરેસે

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

આરોપોને ચણતર કરી કાઢ્યા. ૨૦૧૨માં, ચાવેઝે તેમને દેશના એટર્ની જનરલ (પ્રોક્યુરેટર જનરલ) નિયુક્ત કર્યા, એવું પદ જે સામાન્ય રીતે 'ફર્સ્ટ લેડી'ને નથી મળતું. આ હોદ્દા પર તેઓ ચાવેઝના અવસાન સુધી રહ્યા, જે દર્શાવે છે કે ચાવેઝને તેમની ક્ષમતા પર કેટલો વિશ્વાસ હતો.

માદુરોના ઉદય સાથે 'પ્રથમ યોદ્ધા'ની ભૂમિકા ૨૦૧૩માં માદુરો રાષ્ટ્રપતિ બન્યા ત્યારે ફ્લોરેસે 'ફર્સ્ટ લેડી'ની પરંપરાગત ભૂમિકા પણ સ્વીકારી, પણ માદુરોએ જ તેમને 'પ્રથમ યોદ્ધા' તરીકે ઓળખાવીને 'પ્રથમ મહિલા' જેવા 'ભદ્ર વર્ગના ખ્યાલ'ને નકારી કાઢ્યો. આ શબ્દચય ફ્લોરેસની સક્રિય અને યુદ્ધક્ષમ રાજકીય છબીને અનુરૂપ હતો. રાષ્ટ્રપતિ પદેથી પણ ઊંચા હોદ્દા પર કામ કરી ચૂકેલી ફ્લોરેસ રાષ્ટ્રની રાજકીય દિશા આકારવામાં મહત્વની સલાહકાર અને ભાગીદાર તરીકે રહ્યા. ૨૦૧૭માં તેઓ સંસદમાંથી રાજીનામું આપી નવી રાષ્ટ્રીય બંધારણ સભાના સભ્ય બન્યા, જે ચાવિસ્મો માટેનું એક વિવાદાસ્પદ પગલું હતું. તેમણે ટીવી અને રેડિયો કાર્યક્રમોનું સંચાલન પણ કર્યું, જે તેમની જાહેરાત અને સંદેશાવહનમાં રુચિ દર્શાવે છે.



પરિવાર, વિવાદો અને અમેરિકી પ્રતિબંધો છેલ્લા કેટલાક વર્ષોમાં, ફ્લોરેસ અને માદુરોની જાહેર છબી તેમના પરિવાર સાથેના વિવાદોથી પ્રભાવિત થઈ છે. તેમના બે ભત્રીજાઓ, યુગોનીકોલસ અને ફ્રાન્ફિલીકો ફ્લોરેસ, ૨૦૧૫માં ન્યૂ યોર્કમાં ડ્રગ હેરફેરના આરોપે ગિરફતાર થયા હતા. આ કેસે આંતરરાષ્ટ્રીય ધ્યાન ખેંચ્યું અને ફ્લોરેસે અમેરિકી અધિકારીઓ પર તેમના ભત્રીજાઓનું 'અપહરણ' કરવાનો આરોપ લગાવ્યો હતો. છતાં, ૨૦૧૭માં બંનેને દોષિત ઠેરવાઈ સજા થઈ, જેને પછી ૨૦૨૨માં એક કેદી વિનિમય સોદા હેઠળ મુક્ત કરવામાં આવ્યા. ફ્લોરેસ પોતે સપ્ટેમ્બર ૨૦૧૮માં યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટ દ્વારા આર્થિક પ્રતિબંધોનો શિકાર બન્યા, જે વેનેઝુએલની સરકારમાં તેમની ઊંચી ભૂમિકા અને અમેરિકા દ્વારા ગણાતા 'અનિયમિતતા'ને કારણે હતા.

નિષ્કર્ષ: એક પ્રતીક તરીકે સિલિયા ફ્લોરેસ વેનેઝુએલની રાજકીય પરિસ્થિતિનું એક જટિલ પ્રતિબિંબ છે. એક તરફ તેઓ સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી ઉભરી આવેલી એક મજબૂત, શિક્ષિત અને સ્વતંત્ર મહિલાનું પ્રતીક છે, જેમણે પોતાની ક્ષમતાથી સત્તાની ઉપરની પગથીયાં ચડ્યા છે. બીજી તરફ, તેઓ એક એવી રાજકીય પ્રણાલીનો અભિન્ન અંગ છે, જે પર સગાવાદ, દમન અને આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોના આરોપો છે. તાજેતરમાં, યુએસ લશ્કરી કાર્યવાહી દરમિયાન તેમની અને માદુરોની અટકાયત, અને હવે ન્યૂ યોર્ક કોર્ટમાં ડ્રગ અને હથિયારોના આરોપોમાં ટ્રાયલની શક્યતાએ તેમની યાત્રાને એક નવા અને અણધાર્યા મોરચે લી કરી છે. 'પ્રથમ યોદ્ધા'ની ઉપાધિ હવે માત્ર રાજકીય સંઘર્ષનો નહીં, પણ કાનૂની સંઘર્ષનો પણ સૂચક બની રહી છે. સિલિયા ફ્લોરેસની કથા ફક્ત એક વ્યકિતની જીવનયાત્રા નથી, પણ આધુનિક વેનેઝુએલાની રાજકીત, સત્તાના ગતિશીલ સ્વરૂપ અને આંતરરાષ્ટ્રીય રાજનીતિની જટિલતાનો એક મહત્વપૂર્ણ અધ્યાય છે.